# કઠોદરામાં લગ્નના 13 જ દિવસમાં રૂપિયા લઇ લૂંટેરી દુલ્હન ફરાર થઇ

**લગ્નના** નામે એમ્બ્રોઇડરી સંચાલકના રૂ. ૨.૯૯ લાખ લઇ ગઇ

**પિયરનાં** મામા-મામી તેડી ગયાં હતાં, થોડા દિવસ વાત કર્યા પછી ફોન બંધ કરી દીધો

સુરતઃ કઠોદરા વિસ્તારમાં રહેતા અને કડોદરા ખાતે એમ્બ્રોઇડરીનો વેપાર કરતા ૪૦ વર્ષીય યુવકને લૂંટેરી દુલ્હને શિકાર બનાવ્યો હતો. લગ્નના માત્ર ૧૩ દિવસમાં જ પિયર ભાગી જઈ રૂ. ૨.૯૯ લાખની મત્તા લઇ જનાર જનાર નવવધૂ અને મધ્યસ્થી સામે લસકાણા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

કઠોદરાના ટ્વીન ટાવર ખાતે પરિવાર સાથે રહેતા અને મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ઠાંસા ગામના વતની ખોડીદાસ હરજીભાઇ ઘેલાણી (ઉ.વ. ૪૦) કડોદરાની વિધાતા ઇન્ડસ્ટ્રીઝમાં એમ્બ્રોઇડરી મશીન ચલાવી વેપાર કરે છે. પરિવારજનો તેમના માટે કન્યા શોધી રહ્યાં હતાં ત્યારે સને ૨૦૨૫ના નવેમ્બર મહિનામાં તેમના પિતા હરજીભાઈની મુલાકાત કેશુભાઈ બેચરભાઇ મિયાણી (ઉ.વ. ૫૫, રહે. બાલક્રિષ્ણ સોસાયટી, ઉમરાગામ, વેલંજા, સુરત) સાથે થઈ હતી.

તેમણે મુંબઈ ખાતે રહેતી ભાગ્યશ્રી અશોકભાઈ પવાર નામની યુવતીનો ફોટો બતાવ્યો હતો.

જે પસંદ આવતા બંને પક્ષો વચ્ચે અનુકૂળતા જણાતાં લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા. લગ્ન પહેલાં યુવતીને કાપડની ખરીદી કરાવવામાં આવી હતી અને સોનાનો દાણો (રૂ. ૩,૦૦૦) તથા ચાંદીના સડા (રૂ. ૪,૦૦૦) અપાવ્યા હતા. લગ્ન માટે કેશુભાઈએ રૂ. ૨,૮૦,૦૦૦ નક્કી કર્યા હતા. તા. ૩૦/૧૧/૨૦૨૫ના રોજ વેલંજા મુકામે ખોડીદાસ અને ભાગ્યશ્રીના લગ્ન સંપન્ન થયા હતા.

લગ્નના થોડા જ દિવસો બાદ તા. ૧૩/૧૨/૨૦૨૫ના રોજ ભાગ્યશ્રીના મામા-મામી તેને પિયર તેડવા માટે આવ્યા હતા, જેથી ખોડીદાસના પરિવારે તેને ૧૫ દિવસ માટે મહારાષ્ટ્ર જવા દીધી હતી. શરૂઆતમાં ૧૦ દિવસ સુધી ફોન પર વાતચીત થઈ હતી, પરંતુ ત્યારબાદ ભાગ્યશ્રીનો ફોન બંધ થઈ ગયો હતો અને તેણે સંપર્ક કાપી નાખ્યો હતો.

જેથી પરિવારની ફરિયાદના આધારે પોલીસે કેશુભાઈ બેચરભાઈ મિયાણી તથા ભાગ્યશ્રી અશોકભાઇ પવાર વિરુદ્ધ ઠગાઇનો ગુનો નોંધ્યો છે.

# ઉધના અંબર કોલોનીમાં જર્જરિત બિલ્ડિંગની છત તૂટી

**બિલ્ડિંગને** ખાલી કરવાની નોટિસ છતાં કેટલાક ફ્લેટ હોલ્ડર્સ હજી પણ તેમાં રહેતા હતા

**જોકે** તેઓ બહાર નીકળી જતાં તેમનો બચાવ થયો



સુરતઃ વરસાદને કારણે શહેરમાં જર્જરીત મકાનો ધરાશાયી થવાના બનાવો અવારનવાર પ્રકાશમાં આવે છે ત્યારે શહેરનાં ઉધના અંબર કોલોનિ સ્થિત હરિનગરમાં રવિવારે મોડી રાત્રે જર્જરીત મકાનની છતનો ભાગ તૂટી જતાં ભાગદોડ મચી ગઈ હતી.

મકાનમાં રહેતા લોકો દોડીને બહાર નિકળી જતાં તેમના જીવ બચ્યાં હતા. બનાવની જાણ થતાં જ ઉધના ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર ઓફિસર વસંત સુર્યવંશીએ જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે 1:30 કલાકે ફાયર કંટ્રોલ રૂમમાંથી તેમને કોલ મળ્યો હતો કે, ઉધના અંબર કોલોનિ ખાતે હરિનગરનાં પ્લોટનં-191માં ચાર માળની બિલ્ડિંગનો છતનો ભાગ તૂટી ગયો છે. તેથી અમારી ટીમ સ્થળ ઉપર તુરંત પહોંચી ગઈ હતી. વધુમાં ફાયર સૂત્રોએ જણાવ્યું હતું કે, ચાર માળનું આ બિલ્ડિંગ સંપુર્ણ જર્જરિત થઈ ગયું હોવાથી મનપાની નોટિસ બાદ મોટા ભાગના ફ્લેટો ખાલી જ હતા. બાકીનાં ગ્રાઉન્ડ ફ્લોર તથા પહેલાં માળનાં ફ્લેટમાં કેટલાક લોકો દિનેશ રબારી, રમાદેવી જૈન તથા હરિશ રાણા રહેતા હતા. છત તૂટવાનો અવાજ આવતા તેઓ બહાર નીકળી ગયા હતા, તેથી તેમનો બચાવ થયો હતો.

# ખાડીપૂરના કાયમી નિવારણ માટે પ્રથમ વખત લીડાર સરવે કરાશે

**સુરત** મનપા, કલેક્ટરાલય, સિંચાઇ સહિતના વિભાગોને સાંકળતી ટેકનિકલ કમિટીની રચના કરાઇ

**લીડાર** સરવેના આધારે ખાડીઓનું ચોક્કસ મેપિંગ, જમીન અને વૃક્ષોની નીચેની સ્થિતિ પણ જોવાશે




## લીડાર સરવેના મુખ્ય ફાયદા

- ખાડી અને જમીનની ચોક્કસ ઊંચાઇ-નીચાઈની માહિતી મળે છે.
- વૃક્ષોની ગીચ હરિયાળી હોવા છતાં તેની નીચેની જમીનની સ્થિતિ જાણી શકાય છે.
- કુદરતી પાણીના વહેણ, અવરોધો અને ઢોળાવનું વૈજ્ઞાનિક વિશ્લેષણ થઈ શકે છે.
- પૂર નિવારણ, નદી-ખાડી વિકાસ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે વધુ વિશ્વસનીય ડેટા ઉપલબ્ધ થાય છે.
- ડ્રોનના સામાન્ય ફોટોગ્રાફિક સર્વે કરતાં વધુ સચોટ અને વૈજ્ઞાનિક પરિણામ મળે છે.

## કયા વિભાગની કઈ જવાબદારી નક્કી કરવામાં આવી?

- કલેક્ટર કચેરી : ખાડીઓના સર્વે અને જમીન સંબંધિત વિગતો તૈયાર કરવી.
- ડીઆઈએલઆર : ખાડીઓનું ડિમાર્કેશન (હદ નિર્ધારણ) શરૂ કરવું.
- જીપીસીબી : ઉદ્યોગો દ્વારા ખાડીઓમાં છોડાતા ગંદા પાણીનો સર્વે કરી અહેવાલ તૈયાર કરવો.
- સિંચાઇ વિભાગ : ખાડીઓમાંથી અતિક્રમણ દૂર કરવાની કામગીરી ઝડપી બનાવવી. મનપા સાથે સંકલન કરી સફાઇ કામગીરી હાથ ધરવી.
- સુરત મનપા, GPCB અને સિંચાઇ વિભાગ સાથે સંયુક્ત સરવે અને સફાઇ કામગીરીમાં સહયોગ આપવો. અને તમામ વિભાગો પાસેથી કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવી.

## લીડાર (LiDAR) ટેક્નોલોજી શું છે?

LiDAR (Light Detection and Ranging) એ લેસર આધારિત અદ્યતન સરવે ટેક્નોલોજી છે. તેમાં ડ્રોન અથવા વિમાનમાંથી હજારો લેસર કિરણો જમીન તરફ છોડવામાં આવે છે. આ કિરણો જમીન, ઇમારતો અને વૃક્ષો પરથી પરાવર્તિત થઈ પાછા આવે છે, જેના આધારે અત્યંત ચોક્કસ ત્રિ-પરિમાણીય (3D) નકશો તૈયાર થાય છે.

સુરત : સુરતને ભારે હેરાન કરતાં ખાડી પૂર નિવારણ માટે આ વખતે માત્ર ડ્રોન સર્વે પૂરતો મર્યાદિત નહીં રહે. પ્રથમ વખત સમગ્ર ખાડી વિસ્તારનો લીડાર સરવે પણ કરવામાં આવશે, જેના આધારે ખાડીઓની વાસ્તવિક સ્થિતિનું અત્યંત ચોક્કસ ડિજિટલ મેપિંગ તૈયાર થશે. સાથે સાથે લીડાર ટેક્નોલોજીની મદદથી માત્ર જમીનની ઉંચાઈ કે ઉંડાઈ જ નહીં પરંતુ ખાડીના કિનારે ઉગેલા ગીચ વૃક્ષોની નીચેની જમીનની વાસ્તવિક સ્થિતિ પણ જાણી શકાશે. જેના કારણે ખાડીઓના મૂળ વહેણ, અવરોધો, ઊંડાણ અને કુદરતી પ્રવાહ અંગે વધુ સચોટ માહિતી મળશે. આ માહિતીના આધારે માસ્ટર પ્લાન અને ડીપીઆર વધુ વૈજ્ઞાનિક અને અસરકારક રીતે તૈયાર થઈ શકશે તેમ આજે મ્યુનિ. કમિ. એમ. નાગરાજને જણાવ્યું હતું.

સુરતને હેરાન કરતાં ખાડી પૂરના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી ખાડી પૂર નિવારણ સમિતિની મહત્વપૂર્ણ બેઠક આજે તાપી ભવન ખાતે મળી હતી. બેઠકમાં મ્યુનિ.કમિ. એમ. નાગરાજન, જિલ્લા કલેક્ટર તેજશ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર મીણા, જીપીસીબી, સુડા અને સિંચાઈ વિભાગના અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કમિટીની હવે દર અઠવાડીયે મીટિંગ રાખવાનો પણ નિર્ણય લેવાયો હતો. જેથી ખાડીપૂર પ્રોજેક્ટ ઝડપથી હાથ ધરી શકાય.

બેઠકમાં રાજ્ય સરકારે જાહેર કરેલા ખાડી પૂરના કાયમી નિવારણ માટેના માસ્ટર પ્લાન અને તેની ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાની કામગીરીને ઝડપથી આગળ વધારવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ પ્રોજેક્ટને સમયબદ્ધ રીતે અમલમાં મૂકવા માટે વિવિધ વિભાગો વચ્ચે જવાબદારીઓનું સ્પષ્ટ વિભાજન પણ કરવામાં આવ્યું હતું. બેઠકમાં નક્કી કરાયું કે સમગ્ર પ્રોજેક્ટમાં સિંચાઈ વિભાગ સંકલનકારી એજન્સી તરીકે કામગીરી કરશે, જ્યારે જિલ્લા કલેક્ટર કચેરીનો ડિસ્ટ્રિક્ટ લેન્ડ રેકોર્ડ વિભાગ ખાડીઓની સીમા નક્કી કરવા માટે માપણી અને ડિમાર્કેશનની કામગીરી હાથ ધરશે. ત્યારબાદ આ આયોજનનો અમલ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ખાડી પૂર જેવી વર્ષોથી ચાલી આવતી સમસ્યાના કાયમી નિવારણ માટે પ્રથમ વખત અત્યાધુનિક સર્વે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે ભવિષ્યમાં ખાડીઓના વિકાસ અને પૂર નિયંત્રણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

## સિંચાઇ વિભાગે અલથાણ બ્રિજ પાસેથી ખાડી પહોળી કરવાની શરૂઆત કરી

મીટિંગ દરમિયાન હાલમાં થઇ રહેલી કામગીરી બાબતે ચર્ચા થઇ હતી. જેમાં ઉપસ્થિત સિંચાઇ વિભાગના અધિકારીઓએ એવો રિપોર્ટ રજુ કર્યો હતો કે, અલથાણ બ્રિજની આગળથી ખાડી પહોળી કરવાની કામગીરી સિંચાઇ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. તેમજ મનપા દ્વારા ફ્લોટિંગ મશીન ઉતારીને ખાડીની ગંદકી દુર કરવાનું પુનઃ ચાલુ કરાયું છે.

# હોડી બંગલામા પાસે દૂધના વેપારીના ઘરેથી 30 હજાર ચોરાયા

**પરિવારજનો** ઉપરના માળે ઊંઘવા ગયા ને દૂધના કેરેટમાંથી રોકડા તસ્કર ચોરી ગયો

સુરતઃ શહેરના હોડી બંગલા ત્રણ રસ્તા પાસે એક દૂધના વેપારીના બંધ મકાનને નિશાન બનાવી દૂધના કેરેટમાં રાખેલા રૂ.૩૦,૦૦૦ રોકડા ચોરી ફરાર થઈ ગયો હતો.

લાલગેટ હોડી બંગલા ત્રણ રસ્તા પાસે લખનવી હોટલ સામે આવેલ બિલ્ડિંગમાં રહેતા અને ઘર નીચે જ સવારે દૂધનો વેપાર કરતાં ૬૭ વર્ષીય વૃદ્ધ અબ્દુલ સઈદ અબ્દુલ રસીદ શેખે નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત તા. ૧૭/૦૭/૨૦૨૬ના રોજ તેઓ સવારે રાબેતા મુજબ પૌત્ર મોહમંદ યુશા સાથે દૂધનું વેચાણ કરવા ગયા હતા. ત્યારબાદ બપોરે દૂધના બાકી નીકળતા નાણાં ઉઘરાણી કરી સાંજે ઘરે પરત ફર્યા હતા. દિવસ દરમિયાન એકત્ર થયેલા રોકડા રૂ.૩૦,૦૦૦ તેમણે ઘરમાં પલંગ પર રાખેલા દૂધના કેરેટમાં મૂકી તેની ઉપર તકિયો ઢાંકી દીધો હતો. રાત્રે આશરે ૧૧ વાગ્યાના અરસામાં જમી-પરવારીને અબ્દુલ સઈદ પોતાના ઘરને તાળું મારીને ઉપરના માળે રહેતા મોટા દીકરા ઈમરાન (જે અઠવાલાઈન્સ સ્થિત લુથરા કોલેજમાં પ્રોફેસર છે) ના ઘરે સૂવા માટે ગયા હતા. તા. ૧૮/૦૭/૨૦૨૬ના રોજ સવારે સાડા નવેક વાગ્યે તેઓ નીચે પોતાના ઘરે આવ્યા ત્યારે પલંગ પરના કેરેટમાંથી રૂ. ૩૦,૦૦૦ રોકડા ગાયબ જણાયા હતા. ઘરમાં તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરે બંધ ઘરની બારીની કડી બહારથી ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તકિયા નીચે સંતાડેલી રોકડ રકમ ચોરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અબ્દુલ સઈદ શેખે લાલગેટ પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ શરૂ કરી છે.

## કેમિકલયુક્ત પ્રવાહી ગટરમાં ઠાલવવાના કેસમાં ચાર છૂટી ગયા

સુરતઃ પાંડેસરા જીઆઈડીસીમાં વર્ષ 2019માં કેમિકલયુક્ત ઝેરી પ્રવાહી ગટર લાઇનમાં છોડીને હવા અને પાણી પ્રદૂષિત કરવાના કેસમાં કોર્ટે ચારેય આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. ફરિયાદ પક્ષ આરોપો સાબિત કરવામાં નિષ્ફળ ગયું હોવાથી આરોપીઓને લાભ મળ્યો હતો. આ કેસમાં હિંદ એસિડ તથા જયેશ કેમિકલ સાથે સંકળાયેલા નિતેશ ત્રિભુવનદાસ પટેલ, હસમુખ બચુ પટેલ, જગદીશ અમૃતલાલ પાલ અને પ્રેમચંદ જગીલાલ પાલ સામે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. બચાવ પક્ષે એડવોકેટ કમલેશ રાવલે દલીલ કરી હતી. તપાસ દરમિયાન થયેલી પ્રક્રિયાત્મક ખામીઓ, સાક્ષીઓના વિરોધાભાસી નિવેદનો અને પુરાવામાં રહેલી શંકાઓને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપી નિતેશ પટેલ, હસમુખ પટેલ, જગદીશ પાલ, પ્રેમચંદ પાલ( હિન્દ કેમિકલ)ને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# ડિંડોલીમાં ગ્રીલ સાથે છઠ્ઠા માળેથી પટકાતા ધો-6ના વિદ્યાર્થીનું મોત નીપજ્યું


**મિત્રો** સાથે રમતી વખતે પ્રતિક ગ્રિલ પર ચડ્યો હતો અને ગ્રિલ જ તૂટી ગઇ

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં આવેલી અંબિકા ટાઉનશીપમાં હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. જેમાં ધોરણ-6માં અભ્યાસ કરતાં 12 વર્ષીય વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે. સાંજે ધાબા પર રમતી વખતે ગ્રીલ પર ચઢેલો વિદ્યાર્થી ગ્રીલ સાથે જ છઠ્ઠા માળેથી નીચે પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સારવાર માટે તેને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડાયો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના સુલતાનપુરનો વતની અને હાલ ડીંડોલીની અંબિકા ટાઉનશીપમાં રહેતો પ્રતિક કૃષ્ણાભાઈ પાંડે (ઉ.વ.12) માતા તેમજ ભાઈ-બહેન સાથે રહેતો હતો. તે નજીકની શાળામાં ધોરણ-6માં અભ્યાસ કરતો હતો. ત્રણ વર્ષ પહેલાં તેના પિતાનું હાર્ટ એટેકથી અવસાન થતાં માતા સિલાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. રવિવારે સાંજે પ્રતિક મકાનના છઠ્ઠા માળે આવેલા ધાબા પર મિત્રો સાથે રમી રહ્યો હતો. આ દરમિયાન તે ગ્રીલ પર ચઢ્યો હતો. અચાનક ગ્રીલ તૂટી જતાં પ્રતિક ગ્રીલ સાથે જ સીધો નીચે પટકાયો હતો. ગંભીર ઈજાઓને પગલે 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સ્મીમેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ડિંડોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

# કેનેડામાં રમાનારા ઓવર-60 વર્લ્ડકપ માટે સુરતનો ખેલાડી ભારતીય ટીમમાં

**રાંદેરના** વરિષ્ઠ ક્રિકેટર ઇબ્રાહીમ જેલાનીને મુખ્ય 16 ખેલાડીઓની સંભવિત ટીમમાં સ્થાન; સુરતના ક્રિકેટ જગતમાં આનંદ



સુરતઃ વેટરન્સ ક્રિકેટ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા કેનેડામાં ઓગસ્ટ-2026 દરમિયાન યોજાનારા ઓવર-60 વર્લ્ડ કપ માટે જાહેર કરાયેલી ભારતીય ટીમની સંભવિત યાદીમાં સુરતના રાંદેરના વરિષ્ઠ ક્રિકેટર ઈબ્રાહીમ જેલાનીની પસંદગી કરવામાં આવી છે. દેશભરના પસંદગી પામેલા શ્રેષ્ઠ 16 ખેલાડીઓમાં ઈબ્રાહીમ જેલાનીને 10મા ક્રમે સ્થાન મળતા સુરતના ક્રિકેટપ્રેમીઓમાં આનંદની લાગણી વ્યાપી છે.

VCI દ્વારા ઓવર-60 ક્રિકેટના ચેરમેન રવિ રામનના હસ્તાક્ષર સાથે જાહેર કરાયેલી આ યાદીમાં વિવિધ રાજ્યોના અનુભવી ખેલાડીઓને સ્થાન આપવામાં આવ્યું છે. પોંડિચેરીમાં યોજાયેલી નેશનલ ટૂર્નામેન્ટમાં ઈબ્રાહીમ જેલાનીએ શાનદાર ઓલરાઉન્ડર રમતનું પ્રદર્શન કરીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું.

ફિટનેસ ટેસ્ટ અને અન્ય ઔપચારિક પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ ટીમની અંતિમ જાહેરાત કરવામાં આવશે. મુખ્ય 16 ખેલાડીઓમાં સ્થાન મળતા ઈબ્રાહીમ જેલાનીની વર્લ્ડ કપ રમવાની શક્યતા મજબૂત બની છે.

ભારતીય ટીમમાં યુ.આર. રાધાકૃષ્ણન, વરિન્દર ભુમબલા, હૈદર અલી, સંજય રંજન સિન્હા, જેસન મંઝિલા, કિશોર, સંજય મહાડિક, પવન મલિક, સુબ્રમણ્ય રાજુ એસ., ઈબ્રાહીમ જેલાની, અશોક વાસુદેવન, મયંક ખાંડવાલા, દર્શન સિંહ, વિરેન પટેલ, ત્યાગરાજન અને કુમારસ્વામી એ.નો સમાવેશ કરવામાં આવ્યો છે.

જ્યારે ઈમરજન્સી સ્થિતિ માટે દિનેશ નિચરેલા, સંજય ઠાકર અને આદિલ ચાગલા સહિત 14 રિઝર્વ ખેલાડીઓની યાદી પણ તૈયાર રાખવામાં આવી છે.

# આણંદમાં બાળકીની હત્યા કરનાર એન્કાઉન્ટરમાં ઠાર

**પોલીસ** પર ચાકુથી હુમલો કરી ભાગવાનો પ્રયાસ કરતો હતો

**આરોપીના** હુમલામાં બે પોલીસ કર્મચારીને ઇજા પહોંચી

ગાંધીનગર : આણંદ જિલ્લાના વાસદમાં સાડા ચાર વર્ષની માસૂમ બાળકીના અપહરણ અને હત્યાના જઘન્ય કેસમાં મુખ્ય આરોપી સુરેશ પરમાર પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર થયો છે. આરોપીની ધરપકડ બાદ ચપ્પુ વડે પોલીસ ટીમ પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કરતાં ગંભીર બનેલી પરિસ્થિતિનો જોતા પોલીસે વળતો ગોળીબાર કરતાં આરોપીને ગોળી વાગતાં તેનું મોત નીપજ્યું હતું. આ હુમલામાં બે પોલીસકર્મીઓ પણ ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ગત 18 જુલાઈની રાત્રે આશરે 9:15 વાગ્યે વાસદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પરથી સાડા ચાર વર્ષની બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હતું. બીજા દિવસે સવારે ટ્રેક પરથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રેલવે પોલીસ, સ્થાનિક પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમે ઘટનાસ્થળેથી વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કર્યા હતા. વડોદરા રેલવે વિભાગના એસપી અભય સોનીના માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લા પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ , એસઓજી, વાસદ પોલીસ અને અન્ય ટીમો સહિત કુલ છથી સાત ટીમોએ આરોપીની શોધખોળ શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજમાં એક શંકાસ્પદ વ્યક્તિ બાળકીને લઈને જતો સ્પષ્ટ દેખાયો હતો. આ ફૂટેજના આધારે બોરસદ રૂરલ પોલીસે ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી સુરેશ પરમારને બોચાસણ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો અને આગળની તપાસ માટે તેને એલસીબીને સોંપ્યો હતો.

પોલીસના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે આરોપીને વધુ તપાસ માટે આણંદ લાવવામાં આવી રહ્યો હતો ત્યારે મધરાતે રસ્તામાં તેણે ઉલટી થવાનું બહાનું કરી પોલીસનું વાહન રોકાવ્યું હતું. વાહન ઉભું રહેતા જ તેણે પોતાની પાસે છુપાવી રાખેલા ચપ્પુ વડે પોલીસ ટીમ પર અચાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં પોલીસકર્મી મહિપાલસિંહ અને રાજવીરસિંહ ઈજાગ્રસ્ત થયા હતા. ફરજ પર રહેલા પીએસઆઈએ આરોપીને વારંવાર ચેતવણી આપી અને હુમલો બંધ કરવા જણાવ્યું હતું. તેમ છતાં આરોપી હુમલો કરતો રહ્યો અને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરિસ્થિતિ વધુ ગંભીર બનતાં પોલીસે આત્મરક્ષણ અને કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુથી ગોળીબાર કર્યો હતો. જેમાં આરોપીને બે ગોળી વાગતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. બાદમાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.


## જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ તાલુકા બારડોલી, મોજે બમરોલી ના બ્લોક/સર્વે નં. ૧૩૮ વાળી જુની શરતની ખેડખાતાની જમીન મધુબેન રમેશભાઇ દેસાઇ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૬૮૬ તા. ૧૯/૬/૨૦૦૬ થી માલીક, મુખત્યાર તથા કબજેદાર થયેલા છે. અને તેની રૂએ તેમનો સદરહુ જમીનનો એકલીનો સ્વતંત્ર માલીકી હકક અને પ્રત્યક્ષ કબજો ભોગવટો ચાલી આવેલ છે અને તે જમીનના અનુસંધાને તેઓએ હમારી પાસે ટાઇટલ રીપોર્ટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં જો કોઇનો કોઇપણ જાતનો હકક, હિસ્સો કે લાગભાગ કે અન્ય કોઇપણ જાતના હકકો હોય તો તે અંગેના પુરાવા સહિત હમો નીચે સહી કરનારને દિન-૧૦ માં મોકલી આપવા. ત્યારબાદ, કોઇના કોઇપણ જાતના હકક, હિસ્સા કે લાગભાગ નથી અને જે કાંઇ હતા તે જતા કરેલા છે તેમ માની મધુબેન રમેશભાઇ દેસાઇને ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તરતકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓઃ ૭૧, ઇશ્વરનગર સોસાયટી, ઉધના મગદલ્લા, ભટાર રોડ, સુરત

મારી મારફત : ઉષ્મા પટેલ (એડવોકેટ)

## જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા ઓલપાડ મોજે **ગામ : અટોદરા** ના **બ્લોક નંબર : ૩૧૭/૪** વાળી બિનખેતી પ્રિમીયમને પાત્ર ખેતીની જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૩૯-૦૦ ચો.મી. યાને ૩૯૦૦.૦૦ ચો.મી. છે. જેનો આકાર રૂા. ૬-૦૪ પૈ. વાળી જમીનના માલીકો/કબજેદારો **(૧) વિજયાબેન તે કનૈયાલાલ બાવજીભાઈ પરમારની વિધવા તથા (૨) તેજશ કનૈયાલાલ પરમાર ચાલી આવેલા છે.** મજકુર માલીકોએ બોજારહિત સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહુ જમીન અંગે યા તેના કોઈ પણ ભાગ, હિસ્સા અંગે કોઈ પણ વ્યકિતના કોઈ પણ પ્રકારના હકક, હીત, હીસ્સા, દરદાવો, લાગભાગ હોય યા કોઈ પણ સંસ્થા કે બેંકના બોજા હોય તો તેઓએ તે અંગેના લેખીત પુરાવા સહિત અમોને **દિન-૦૭** માં જાણ કરવી. સદર મુદ્દત દરમ્યાન કોઈના કોઈ પણ પ્રકારના હકક, હીત, હીસ્સા વાંધા વિરોધ નોંધાવવામાં ન આવે તો મુદ્દત વિત્યા બાદ સદર જમીન સંદર્ભે કોઈના કોઈ પણ પ્રકારના વાંધા વિરોધ ચાલી આવેલ નથી અને જો હોય તો તે જતા કરેલ છે, તેવું માની અમારા અસીલ મજકુર માલીકો કનેથી સદરહુ જમીનનો રજીસ્ટર્ડ પાકા વેચાણ દસ્તાવેજો/લખાણો કરી કરાવી લેશે, તેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૧/૦૭/૨૦૨૬
ઓ. સાંઈ દૃષ્ટિ બીલ્ડીગ, ૧૦૧, પ્રથમ માળ, બમનજીની શેરી, સુરતી મોઢવણીકની વાડી પાસે, રૂઘનાથપુરા, સુરત.

કનૈયાકુમાર એમ. ગ્લાસવાલા
જુગલ વિનોદચંદ્ર ગ્લાસવાલા
એડવોકેટસ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ગામ **પુણા** રે.સ.નં. ૫૦૫ **બ્લોક નં. ૫૩૪**થી નોંધાયેલ જમીનમાં **"અયોધ્યાનગર સોસાયટી વિભાગ-એ"** ના **પ્લોટ નં. એ/૧૫૩** જેનું ક્ષે.૧૮X૩૫ ફુટ યાને ૬૩૦ ચો.ફુટ યાને ૭૦.૦૭ ચો.વાર યાને ૫૮.૫૯ ચો.મી છે તે મિલકત **ના માલીક કમલેશભાઈ રમેશભાઈ નાડા,** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું મિલકતના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, પ્રત્યક્ષ કબજેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈલવાળી હોવાનું જણાવી તથા તમામ કાયદાકીય પરવાનગીઓ મેળવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન હોય કે કોઈ બેન્કનો અથવા અન્ય વ્યકિત કે સંસ્થાનો ગીરો હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭(સાત)** માં તે બાબતના **પુરાવા સહિત** અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો અમારા અસીલ સદરહું જ મિલકતમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી જતા કર્યા છે એમ માનીને સદરહું મિલકતનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત મિલકત માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં-વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. (સ્થળ : સુરત તા.૨૦-૦૭-૨૦૨૬)

સરનામું : ૩૫૬, અભીષેક આર્કેટ, ચીકુવાડી-ધનલક્ષ્મી રોડ, અનુપમ આર્કેટની પાછળ, યોગી ચોક, સુરત. મો.૯૦૮૧૫ ૩૩૮૬૮

વિશાલ એમ. તળાવીયા
તે ખરીદનારના એડવોકેટ

## -: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

**સુરત** ડીસ્ટ્રીકટ, **ચોર્યાસી** સબ-ડીસ્ટ્રીકટના મોજે **સચીન**ના રે. સર્વે નં. **૫૦૩, ૫૦૪, ૫૦૫,** જેનો બ્લોક નં. **૪૨૩** થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.: ૪૦** વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ **૫૨.૫૫ ચો.મી.** છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન **સરફરાજ અહમદ સઈદભાઈ શેખ**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ તથા **પ્લોટ નં.: ૪૧** વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ **૫૨.૫૫ ચો.મી.** છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન **સૈયદ ફીરોજ ફકીરા**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થામાં ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે આજદિન સુધી સદરહુ જમીન કોઈ કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈમાં નથી કે તે અંગે કોઈપણ નોટીસ બજેલ નથી કે મજકુર જમીન દીવાની કે રેવન્યુ અદાલતના કોઈ પ્રકરણમાં સંડોવાયેલી નથી કે તે કોઈ કોર્ટ કચેરીના પ્રકરણમાં દાવાનો વિષય નથી કે સદરહુ જમીન અંગે કોઈપણ વ્યકિત, સંસ્થાને સાટાખત, વીલ, બક્ષીસ કે એવા કોઈપણ પ્રકારના વેચાણને લગતાં લખાણો આજદીન સુધી કરી આપેલ નથી. ટુંકમા સદરહુ જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર છે તેવુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તેમ છતાં સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, સંસ્થા, વ્યકિત, વારસદારો યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દરદાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે **દિન-૭** માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ/લખાણ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળઃ સુરત, તા.૨૦/૦૭/૨૦૨૬
ઓફીસ : ૪૨૧/એ, સ્કવેર વન કોમર્શીયલ, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત. મો.૯૯૦૯૮ ૯૬૯૭૦ / ૯૭૨૭૩ ૮૯૬૮૭

સની એ. કદમ
મહેશ આર. મોરે
તે ખરીદનારના એડવોકેટ્સ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ ના મોજે ગામ-**પાલી** ના **સ.નં.૫૮/૧, બ્લોક નં. ૫૨**થી નોંધાયેલ જમીન જેનુ ક્ષેત્રફળ ૧૨૩૪૩ ચો.મી. ના માપ વાળી બીનખેતીની જમીન પૈકીની દક્ષિણ દિશા તરફની સંજ્ઞા બી થી નોંધાયેલી ૨૩૭૮ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીનમાં આયોજન કરવામાં આવેલ **નારાયણનગર સોસાયટી**મા પાડવામાં આવેલા પ્લોટો પૈકી ખુલ્લો **પ્લોટ નં.૬૦ તથા ૬૧** કે જે દરેકનું ક્ષેત્રફળઃ ૧૨ × ૩૫ = ૪૨૦ ચો.ફુટ યાને ૪૬.૬૭ સમ ચો.વાર યાને **૩૯.૦૩ ચો.મી. મળી કુલ્લે ૭૮.૦૬ ચો.મી. વાળી બાંધકામ સહિતની મિલકતો વિનોદકુમાર ધર્મચંદ**ની સ્વતંત્ર માલીકી, કબજા-ભોગવતાની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ મિલકતો તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મિલકતોમાં જે કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હકક-હિસ્સો તેમજ લેણું હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં લેખીત પુરાવા સહીત અમોને રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના તેવા હક્કો નથી યા તેમણે છોડી દીધા છે તેમ ગણી અમારા અસીલ તેઓ પાસેથી જરૂરી લખાણો કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૨૧-૦૭-૨૦૨૬
ઓફિસ : ૩૧૪, ૩૧૫, ક્રિષ્ના કોમ્પલેક્ષ, બીજા માળે, સચીન સ્ટેશન, તા. ચોર્યાસી, જી. સુરત.
મોબાઈલ નં. : ૯૮૨૫૨ ૭૭૬૬૦.
ઓફીસ નં. : ૭૨૮૪૮ ૭૭૬૬૦.

રાજેન એન. પટેલ
શિવાની આર. પટેલ
રાહુલ સી. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનુ કે ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ અડાજણ (સુરતસીટી)ના મોજે **ગામ કોસાડના રેવન્યું સર્વે નંબર ૩૮૮-૧,** તેના **બ્લોક નંબર ૬૦૬, તેના ટી.પી. સ્કીમ નંબર ૮૩, (વરીયાવ-કોસાડ) ફાયનલ પ્લોટ ૨૪૭,** થી નોધાયેલ ખેતીની જમીન જેનુ રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ **હે.આરે.૧-૪૨-૬૫ ચો.મી.** જેના તેમજ તેના ફાયનલ પ્લોટ મુંજબનું **ક્ષેત્રફળ ૮૫૫૯.૦૦ ચો.મી.** વાળી જમીન મીલકત (૧)છગનભાઈ ભગાભાઈ (૨) રંજનબેન તે મંછુભાઈ પટેલની પુત્રી અને છગનભાઈ પટેલની પત્ની, (૩) બળવંતભાઈ મંછુભાઈ પટેલ (૪)ઉષાબેન તે મંછુભાઈ પટેલની પુત્રી અને મનહરભાઈ પટેલની પત્ની, (૫)નયનાબેન તે મંછુભાઈ પટેલની પુત્રી (૬) ભાવિનકુમાર ડાહ્યાભાઈ પટેલ (૭)અનિલકુમાર ડાહ્યાભાઈ પટેલ (૮)ખુશબુબેન તે હસમુખભાઈ પટેલની પુત્રી અને અંકીતકુમાર પટેલની પત્ની (૯)દિવ્યા તે હસમુખભાઈ પટેલની પુત્રીની પોતાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી મજકુર જમીનો પરત્વે કોઈપણ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈપણ પ્રકારે લાગ, ભાગ, વારસાઈ હકક, હીત કે દર દાવો હોય યા મજકુર જમીનો કે તે પૈકી કોઈ જમીન વેચાણ રાખ્યા અંગેનું કોઈ લખાણ હોય તો તેમણે દિન-૭ માં લેખીત પુરાવા સહીત હમોને જાણ કરવી. જો તેમ કરવામાં નહી આવે તો મજકુર જમીનો પર કોઈનો હકક, હિત, દાવો નથી અગર હોય તો તે જતો કર્યો છે એમ માની હમારા અસીલ તે અંગે રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. તેમા પાછળથી કોઈની તર તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફીસ : પહેલો માળ, લક્ષ્મી વિલા, પેટ્રોલ પંપની સામે, લંબે હનુમાન રોડ, સુરત. મો. ૯૮૨૫૪ ૧૬૮૧૭.

અમારી મારફતે
અશ્વિન જે. વઘાસિયા
એડવોકેટ & નોટરી

## :: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ પુણા, **મોજે ગામ : નવાગામ**નાં **રેવન્યુ નંબર : ૨/૩, ક્ષે. ૩૫૪૧ ચો.મી., જેનો સીટી સર્વે વોર્ડ : નવાગામ, સીટી સર્વે નંબર ૪૪૬. ક્ષેત્રફળ ૩૫૪૧,** જેનો **ટી.પી.સ્કીમ નંબર : ૪ (અશ્વનીકુમાર-નવાગામ), ફા. પ્લોટ નંબર : ૧૪૧,** જેનું ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૩૫૪૧ ચો.મી. વાળી બીનખેતીની જમીનના માલિકો પૈકી **પ્રીત શૈલેષભાઈ ઝવેરી, પુનીતા કિરીટભાઈ મોરબીયા, નીરવ વિનોદચંદ્ર શાહ, હિતેશ ઠાકરસિંહભાઈ સાકરીયા**નો વણવહેચાયેલા ૧૦% હિસ્સો યાને ૩૫૪.૧૦ સ.ચો.મી. જમીનના માલિક ચાલી આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેઓ તથા સહહિસ્સેદાર સિવાય અન્ય કોઈપણ માલિકો, કબજેદારો, વંશ-વાલી વારસદારો, હકકદારો નથી તથા મજકુર જમીન તેઓના વહીવટ, વ્યવસ્થા હેઠળ ચાલી આવેલ હોવાનું તેમજ બીન તકરારી, નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઇટલ્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તેઓના વણવહેંચાયેલા ૧૦% હિસ્સો યાને ૩૫૪.૧૦ સ.ચો.મી. જમીન અમારા અસીલને વેચાણથી આપવા નકકી કરેલ છે. તેમ છતાં મજકુર જમીન ઉપર અન્ય કોઈ વંશ-વાલી વારસદારો, મુળ ખેડુતો, માલિકો, ભાડુઆતો કે કોઈ વ્યકિત, ઈસમ, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક, હિસ્સા, દર-દાવા, તર-તકરાર, કોલ-કરાર, જાતી, અવલ જપ્તી, લેણું-બોજા, સોદાચીઠ્ઠી, સાટાખત, પાવર ઓફ એટર્ની, કબજા કરાર તથા મજકુર જમીનની ચર્તુદિશામાં આવેલ લાગુ જમીનના માલિકોના માર્જીન કે કોઈપણ પ્રકારના વપરાશી કે ઇઝમેન્ટ વિગેરે જેવા કોઈપણ હકક સમાયેલા હોય કે મજકુર જમીનમાં સગીરનાં હકક પોષાતા હોય તો તેઓએ કાયદેસરના લેખિત દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને નીચેના સરનામે દિન-૭ માં જણાવી, રૂબરૂ મળી ખાત્રી કરાવવી. મુદત વિત્યે મજકુર જમીનમાં કોઈપણ વંશ-વાલી વારસો, વ્યકિત, ઈસમ કે સંસ્થાના કોઈના કોઈપણ પ્રકારના હકકો નથી તેમ સમજી મજકુર મિલકત તદ્દન નકરજી નબોજી તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી જાણી અમારા અસીલ કિંમતી અવેજ ચુકવી કાયદેસરના કરારો તથા વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર રહેશે નહી. જેની નોંધ લેવા વિનંતી.

રહે. ૯૫, ગોવિંદપાર્ક સોસાયટી, ઉત્રાણ લેક ગાર્ડન સામે, ઉત્રાણ, સુરત. મો. ૯૯૨૪૭ ૩૦૬૭૭ (તા. ૨૧/૦૭/૨૦૨૬)

લખન એમ. નગરાળે
એડવોકેટ